# પ્રાંતિજ તાલુકામાં અકસ્માતોનો કાળો કેર...!

## એક જ વર્ષમાં ૩૦૦ વ્યકિત માર્ગ અકસ્માતમાં અને ૨૦ ખૂનથી મોતને ભેટયા

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં એક જ વર્ષમાં નેશનલ હાઈવે નંબર ૮ સહિતના માર્ગ અકસ્માતોમાં ૩૦૦ જેટલા વ્યકિતઓ મોતને ભેટયા છે જયારે ૨૦ જેટલા લોકોની હત્યા થઈ હોવાનું નોંધાયું છે.

મળતી આંકડાકીય માહિતી પ્રમાણે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં માર્ગ અકસ્માતમાં ૩૦૦ જેટલા લોકોના મોત થયા છે. બસ, ટ્રક, રીક્ષા, બાઈક, વાન, લકઝરી, ટ્રેકટર, સ્કૂટર જેવા વાહનોમાં મુસાફરી કરતા લોકો એકબીજા વાહનથી ટકકરથી કમોતે મર્યા છે. પ્રાંતિજ તાલુકામાં રોડની સુવ્યવસ્થા હોવા છતાં ટ્રાફિક નિયમનની બેદરકારી કયાંક આવા અકસ્માતોમાં જવાબદાર હોય તેવું સ્થાનિકજનો માની રહ્યા છે. જો કે બેફામ ગાડી ચલાવતા ડ્રાયવરો અને નશામાં ધૂત વાહન ચાલકો પણ આ અકસ્માતમાં કારણભૂત છે તેમ છતાં કયાંક કયાંક 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી સ્થિતિ પણ સર્જાય છે. સીધા સાદા અને રસ્તે સીધા ચાલતા માણસો કે ભકતો પણ કયારેક દારૂડિયા ટ્રક ડ્રાઈવરોની બેદરકારીને લીધે મોતને ભેટયા છે. કેટલાક લોકો તો રીબાઈ, રીબાઈને મર્યા છે.

પ્રાંતિજ તાલુકાના વિસ્તારોમાં થયેલા આ અકસ્માતોમાં કયાંક ખાડા ખડીયાવાળા રસ્તાઓ, રોડ ક્રોસિંગ આગળ બમ્પ ન હોવો, ખુલ્લા રોડ, ડિવાઈડર ન હોવું, ટ્રાફિક પોલિસની ગેરહાજરી કે પછી દારૂના નશામાં થતું ડ્રાઈવીંગ જવાબદાર છે.

સત્તાવાર મળેલી આંકડાકીય માહિતી અનુસાર એક જ વર્ષમાં ૨૦ જેટલા લોકોની હત્યા થઈ હોવાની માહિતી મળી છે. અંગત અદાવત, વેરઝેર કે પછી દાદાગીરી અને રોફ જમાવવા હથિયારનો ઉપયોગ ખૂન-હત્યા માટે કરતા બેજવાબદાર ઈસમોને પોલીસ રોકી શકી નથી તેનું આ ઉદાહરણ છે. પોલીસની કામગીરી જે તે વિસ્તારમાં શાંતિ સ્થાપવાની અને કાયદો તથા વ્યવસ્થા જળવાય તેની છે. પરંતુ એક જ વર્ષમાં ખૂન કેશ બનતા સરેરાશ દર મહિને એક તો હત્યા થઈ જ હોય તેવું સાબિત થાય છે. મહિનામાં એક કે બે હત્યા થતી હોય ત્યાં પોલીસ-કાયદો શું કરે છે? તેવો પ્રશ્ન દરેકને થાય. વધારામાં પૂરતું ૩૦૦ અકસ્માતમાં મૃત્યુ પામેલા કેટલાક લોકોના સ્વજનોને આજ દિન સુધી વીમાની રકમ મળી નથી, જરૂરી સહાય તેમના સુધી પહોંચી નથી. તો શું તંત્ર આમ જ ચાલ્યા કરશે? કાયદો ને વ્યવસ્થા જળવાશે કે કેમ? તેવા પ્રશ્નો સૌ વિચારી રહ્યા છે.

## સાબરકાંઠા જિલ્લામાં ટ્રિનિટી સૅકન્ડરી સ્કૂલ પ્રથમ

તલોદ, તા. ૧૨

માર્ચ ૨૦૧૨માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં તલોદની ટ્રિનિટી સેકન્ડરી સ્કુલના શાહ ઋત્વિકે સાંબરકાઠા જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળા, સમાજ તેમજ તલોદનું ગૌરવ વધાર્યુ છે.

માર્ચ ૨૦૧૨માં લેવાયેલ પરીક્ષામાં ટ્રિનિટી સેકન્ડરી સ્કુલનું પરિણાન ૮૬.૭૬ ટકા આવેલ છે. છેલ્લાં પાંચ વર્ષથી શાળાએ તલોદ કેન્દ્રમાં પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. ટ્રિનિટી સ્કુલમાં પ્રથમ ક્રમે શાહ ઋત્વિક પી. ૯૬.૨૦ ટકા, દ્વિતીય ક્રમે નરસિંઘાણી રશ્મિ હરેશભાઈ ૯૦.૬૦ ટકા, તૃતીય સ્થાને પ્રબેજા ગુંજન દિલીપભાઈ ૮૮.૬૦ ટકા તેમજ શાળાના ૬૮ વિદ્યાર્થીઓ પૈકી ૫૯ ઉર્તીણ વિદ્યાર્થીઓને શાળા સંચાલકોએ તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# બાયડની શ્રધ્ધા પાર્ક સોસાયટીમાં બારીની ગ્રીલ તોડી તસ્કરોનો હાથફેરો



બાયડ તા.૧૨

બાયડ ચોઈલા રોડ ઉપર આવેલ બાયડ ની શ્રધ્ધા પાર્ક સોસાયટી માં ગઈકાલે રાત્રે તસ્કરો એ મકાનની પાછળ આવેલ બારી ની ગ્રીલ તોડી તસ્કરો એ મકાન માં કરેલી તસ્કરી થી બાયડ પોલીસ ની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે.

આ અંગે પ્રાપ્ત માહીતી અનસુાર બાયડ ચોઈલા રોડ ઉપર આવેલ સોસાયટી માં વાત્રક નહેર સીંચાઈ વિભાગ માં કામ કરતાં દીલીપભાઈ ગઈ રાત્રે ઉનાળા ની ગરમી માં ઘરમાં બાફ મારતી હોઈ તેમના મકાનના આગળના ભાગ માં સુચા હતા ત્યારે રાત્રી ના સુમારે તસ્કરો દ્વારા મકાનની પાછળ આવેલ બારી ની ગ્રીલ તોડી અંદર પ્રવેશી મકાનની અંદર શોધખોઈ કરી ફ્રીજ ના પાકીટ ના ખાનામાં થી તીજોરી ની ચાવી શોધી કાઢી તીજોરી ખોલી અંદર લોકર માં રહેલ પાંચ તોલા સોનુ ,બે ઝોડ ચાંદીના છડા અને ૧૫૦૦૦/રૂ રોડક મત્તા ની ચોરી થવા પામી છે જેની અંદાજે કિમંત રૂ ૧૬૦૦૦૦ થવા જાય છે.જયારે વહેલી સવારે દીકરી દુધ લેવા ઉઠી ત્યારે ઘરમાં તીજોરી ખુલેલી અને વસ્તુ રફેદફે થયેલી જોતા ઘરના સભ્યો આવાક થઈ ગયા હતા અને ચોરી થયાનુ જાણવા મળ્યુ હતુ જયારે બાયડ પોલીસે દીલીપભાઈ ની ફરીયાદ ના આધારે ગુનો નોધી તસ્કરો નુ પગેરૂ શોધવાના ચક્રો ગતીમાન કર્યા હતા.

# ખેડબ્રહ્મામાં ૪૦ જેટલાં બોગસ દવાખાનાં અધિકારીઓની રહેમ નજર હેઠળ ધમધમી રહ્યાં છે

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના લાબડીયા, પોશીના, દેલસવાડા, કોટડા જેવા ગામોની અંદર કોઈપણ જાતની ડીગ્રી વગર વર્ષોથી બોગસ દવાખાનાઓ ખોલીને ગરીબ અજાણ પ્રજાની સાથે મોતનો ખેલ ખેલી રહ્યા છે ત્યારે આ સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય અધિકારી અને બ્લોક હેલ્થ ઓફિસર ઊંટવૈદુ કરતા બોગસ તબીબો પર મહેરબાન રહેતા સ્થાનિકો ભારે રોષે ભરાયા છે અને કાર્યવાહી કરવા માંગણી કરી છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાની અંદર વગર ડીગ્રીએ ખુલ્લેઆમ એલોપેથીક દવાઓની સાથે ડીલેવરી સમૈત બાળ રોગોમાં ખુલ્લેઆમ હાથ ડોજના ઈન્જેકશનો આપી નાના બાળકોના જીવન સાથે ખિલવાડ કરવામાં આવી રહ્યો છે. કોઈપણ જાતના અનુભવ વગર આ ઊંટવૈદિયાઓ આડેધડ દવાઓ કરી ગરીબ અને અભણ પ્રજાના જીવન સાથે મોતનો ખેલ ખેલી રહેલા આ ઊંટ વૈદો સામે તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર 'કેમ કોઈ પગલા લેતા નથી તથા આ પ્રવૃત્તિ પાછળ તેમનો શું સ્વાર્થ રહેલો છે' તેવી ચર્ચાએ ભારે જોર પકડ્યુ છે. તથા સ્થાનિકજનોની વારંવાર ફરિયાદ તેમજ સમાચારો બાદ પણ અધિકારીઓના પેટનું પાણી ન હલતા સ્થાનિકો આ મામલે રોષે ભરાયા છે. અને બોદસ ઊંટવૈદો સામે તાત્કાલિક પગલા ભરી કોઈ નક્કર પરિણામ લાવે તેમ ઈચ્છી રહ્યાછે.

## ગુજરાત પ્રદેશ સંગઠન પર્વ ૨૦૧૨ના ઈન્ચાર્જ તરીકે ભરત પંડ્યાની નિયુક્તિ

અમદાવાદ, તા. ૧૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી.ફળદુએ તાજેતરમાં રાજકોટ ખાતે મળેલી કારોબારી બેઠકમાં ભાજપાના પ્રદેશ મંત્રી શ્રી ભરતભાઈ પંડ્યાએ સંગઠન પર્વ-૨૦૧૨ના પ્રદેશ ઈન્ચાર્જ તરીકે જાહેર કર્યા હતા. શ્રી ભરતભાઈ પંડ્યા ધંધુકાના પૂર્વ ધારાસભ્ય છે અને વર્ષ ૨૦૦૯ના સંગઠન પર્વના ઈન્ચાર્જ તરીકે પણ તેઓશ્રીએ સફળ અને કુશળ કામગીરી નિભાવી હતી.

# જોટાસણ ગામ પાસે રૂ. ૭.૪૦ લાખનો વિદેશી દારૂ લઈ જતા ચાર શખ્સો ઝડપાયા

## પોલીસે કુલ ૧૨.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના જોટાસણ ગામ પાસે રાજસ્થાન તરફથી આવતી ટ્રકમાં વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ લઈ જતા ચાર શખ્સો પાસેથી એલસીબી હિંમતનગરે બાતમીના આધારે રૂ. ૧૨.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કરી ચારે આરોપીઓની અટકાયત કરી જેલમાં મોકલી આપ્યા છે. પોલીસે આ ઘટનામાં ૪૨૭ પેટીમાં ભરેલ ૭૪૦૪ બોટલ દારૂ જપ્તકર્યો છે.

ખેરોજ પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર એલ.સી.બી. હિંમતનગરને ગુપ્ત બાતમી મળી હતી કે રાજસ્થાનના ઉદયપુર તરફથી દારૂની ખેપ આવી રહી છે તેથી મંગળવારના રોજ સવારના પોણા એક વાગ્યાના સુમારે ખેડબ્રહ્મા તાલુકાના જોટાસણ ગામ પાસે ખેરોજ પોલીસ તથા એલ.સી.બી.એ વોચ ગોઠવી હતી. દરમિયાન ઉદયપુર તરફથી આયશર ટ્રક નંબર આર.જે. ૨૭-૧જી-૧૦૮૦માં ઉદયપુર જિલ્લાના થડોલ તાલુકાના બારી ગામના પદમકુમાર નિનામા-વાલુરામ પટેલા, સુશીલકુમાર પટેલા તથા ખુલા ફતેપુરાના પ્રકાશકુમાર કલાલ આવી રહ્યા હતા. એલ.સી.બી. હિંમતનગરે આ ચાર શખ્સોની પુછતાછ તથા તપાસ કરતાં આયશર ટ્રકમાં ૪૨૭ પેટી વિદેશીદારૂ ભરેલો હતો. આ ૪૨૭ પેટીમાં વિદેશીદારૂ તથા બિયરની ૭૪૦૪ બોટલ જેની કિંમત રૂ. ૭૪૦૪૦૦, આયશર ટ્રકની કિંમત રૂ. ૫ લાખ, ચાર મોબાઈલની કિંમત રૂ. ૪૦૦૦, એક તાટપત્રી તથા એક રસ્સીની કિંમત ૧૦૦૦ મળી રૂ. ૧૨૪૫૪૦૦ નો મુદ્દામાલ કબહજે કર્યો હતો. પોલીસે પકડેલ પદમકુમાર નાથુજી નિનામા, પ્રકાશકુમાર મોહનલાલ કલાલ, વાલુરામ ભુરાજી પટેલા તથા સુશીલકુમાર તકીયા પટેલાની અટકાયત કરી જેલમાં મોકલી આપ્યા છે.

આ અંગે એલ.સી.બી. હિંમતનગરના હે.કો. રણછોડભાઈ થાવરાજીએ અટકાયત કરેલ ચાર આરોપી તથા દારૂ મંગાવનાર કોટડાછાવણીના કેશારામ મોતીજી મેવાડા વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા ખેરોજ પીએસઆઈ એન. કે. વાઘેલાએ પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસ ચોપડે ન નોંધાયેલા ભાડૂઆતોના મકાનમાલિકોને ૧-૧ હજારનો દંડ ફટકારાયો

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા શહેરમાં કેટલાક મકાન માલિકો ખેડબ્રહ્મા એસ.ઓ.જી. શાખાના જાહેરનામાના ખુલ્લેઆમ ભંગ કરી રહ્યા હોવાના ગાંધીનગર સમાચારના અહેવાલના સંદર્ભે પોલીસે ૯ મકાનમાલિકો સામે ગુનો નોંધી સાતને પકડી કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. જયાં કોર્ટે ૧-૧ હજારનો દંડ ફટકાર્યો હતો.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં મોટા પાયે મકાન માલિકો તગડુ ભાડુ વસુલવાના કારણે કોઈપણ પ્રકારની ચકાસણી કર્યા વગર પરપ્રાંતિ ભાડુઆતોને મકાન ભાડે આપી દે છે અને આ અંગેની કોઈપણ પ્રકારની માહિતી નજીકના પોલીસ સ્ટેશને પહોંચતી નથી કરતા. તથા ખુલ્લેઆમ કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરે છે. તેવા ગાંધીનગર સમાચારના અહેવાલને પગલે ખેડબ્રહ્મા એસ.ઓ.જી. શાખા દોડતી થઈ હતી અને તપાસનો દોર આરંભ્યો હતો. જેમાં સફળતાના ભાગરૂપે એસ.ઓ.જી. ટીમે તાલુકાના ૯ મકાન માલિકો તથા તેમના ૯ ભાડુઆતોને ઝડપી તેમની વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. અને તેમાંથી સાત વ્યક્તિઓને આજે કોર્ટમાં રજૂ કર્યા હતા અને કોર્ટે રૂ. ૧-૧ હજારનો દંડ ફટકાર્યો જયારે અન્ય બે આરોપીની ટાઉનપોલીસમથકના જમાદાર તપાસ કરી રહ્યા છે.

| મકાનમાલિકની યાદી | ભાડુઆતોની યાદી |
|---|---|
| ગોપીલાલ પ્રજાપતિ | દિનેશભાઈ સોમાભાઈ |
| પ્રહલાદભાઈ પ્રજાપતી | પ્રકાશભાઈ હેમતાજી |
| નારાયણભાઈ પ્રજાપતિ | કનૈયાલાલ લાલુરામ |
| અશોકભાઈ સોની | નરેન્દ્રભાઈ કાન્તીભાઈ |
| વિઠ્ઠલભાઈ વાઘેલા | રતનલાલ ગણેશરાજ |
| મોહનભાઈ પુરોહિત | શંકરભાઈ ધમાજી |
| જીતુભાઈ રાઘુભાઈ પટેલ | પ્રભુરામ મીણા |
| મનુભાઈ પટેલ | સુભાષભાઈ તડવી |
| ધરમાજી | પિન્ટુ સિન્ધુ |

# પ્રાંતિજથી અમીનપુર માર્ગ પર લીલાંછમ્મ વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજ તાલુકામાં વૃક્ષછેદનની પ્રવૃત્તિએ હાલ ભારે માજા મુકી છે અને લીલાછમ તથા ઘટાદાર વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે. અને લાકડાખાઉ કોન્ટ્રાક્ટરો તગડી કમાણી કરી રહ્યા છે. ત્યારે આ સમગ્ર ઘટના જાણતા હોવા છતાં મામલતદાર અને સર્કલ ઓફિસર સબસલામતનું ગાણું ગાઈ રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રાંતિજથી અમીનપુર માર્ગ પર માર્ગની બન્ને તરફ આવેલા મોટાભાગના ખેતરોમાં ઉગેલા આંબા, લીમડા, મહુડા, અડુસી, જાંબુ જેવા અનેક ઘટાદાર અને ફળ આપનાર લીલાછમ વૃક્ષોનું વન વિભાગની નાંક નીચે મોટા પાયે બેરોકટોક પણે નિકંદન થઈ રહ્યું છે. થોડા સમય પહેલા અમીનપુર માર્ગની આસપાસ અનેક ઠેકાણે આંબાવાડી આવી હતી પરંતુ આજે એકલદોકલ આંબાવાડી અથવા તો આંબા જોવા મળે છે.

તો બીજી તરફ પ્રાંતિજથી અમીનપુર વિસ્તારના બ્લોક સર્વે નંબરો બોલતા વિવિધ વૃક્ષો હયાત નથી તેમજ મોટાભાગના ખેતરોમાંથી વૃક્ષો ગાયબ થઈ રહ્યા છે અને લાકડાખાઉ કોન્ટ્રાક્ટરો પર્યાવરણ બચાવો, વૃક્ષો વાવો, જેવા કાર્યક્રમોની ખુલ્લેઆમ ધજીયા ઉડાડી રહ્યા છે. અને આ તમામ કટીંગ થયેલો માલ શો મીલોમાં મોકલી રહ્યા છે ત્યારે પ્રાંતિજ મામલતદાર, સર્કલ અધિકારી અથવા તો વન વિભાગના અધિકારીઓ કશુજ થયું નથી તેવું વર્તન કરી રહ્યા છે. ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિ ચાલશે તો આગામી સમયમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે ત્યારે આ મુશ્કેલીઓ ના વધે તે માટે તંત્રએ સત્વરે આ સમગ્ર મામલે કાયદાકીય પગલા ભરે તેવી માંગ ઉઠવા પામી છે.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૯૫૭૧, ફેકસ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

| સાબરકાંઠા જિલ્લામાં | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| **મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં** | | |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


# રાજયમાં મગફળીનું ૧૫૯ હૅકટરમાં કપાસનું ૯૧૯ હૅકટર વિસ્તારમાં વાવેતર

ગાંધીનગર, તા.૧૨

રાજયના કેટલાક વિસ્તારોમાં છેલ્લા બે દિવસ દરમિયાન થયેલા છુટાછવાયા વરસાદને કારણે ખેડુતોએ વાવણી કાર્ય શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં રાજયમાં જુદા જુદા પાકોનું અંદાજે ૧૪૪૨ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

રાજયમાં સરેરાશ ૮૭૯૭૮ હેકટર વાવેતર વિસ્તાર છે જેની સામે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૩૦૦૮ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૪૪૨ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું હતું.

રાજયમાં તાજેતરમાં છેલ્લા બે દિવસ દરમિયાન છુટોછવાયો વરસાદ થવા પામ્યો હતો જેના કારણે ખેડુતોએ અમુક વિસ્તારમાં વાવણી શરુ કરી છે. રાજયમાં મગફળીના સરેરાશ ૧૫૮૮૨ હેકટર વાવેતર વિસ્તાર સામે આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૫૯ હેકટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થવા પામ્યું છે.

જયારે કપાસનો કુલ સરેરાશ વાવેતર વિસ્તાર ૨૭૪૬૭ હેકટર વિસ્તાર સામે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૨૩૫ હેકટર વિસ્તારની સરખામણીએ આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૯૧૯ હેકટર વિસ્તારમાં જ કપાસનું વાવેતર થવા પામ્યું છે જે સરેરાશ વાવેતર વિસ્તારના ૩ ટકા જેટલું છે.

મગફળી કપાસ ઉપરાંત રાજયમાં કુલ અન્ય પાકોનું આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૨૮૨ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે. જયારે શાકભાજીનું ૨૨૫ હેકટરમાં ઘાસચારાનું ૧૩૮ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

જો કે વાવણીલાયક વરસાદ ન થતાં હજુ રાજયમાં ખરીફ ધાન્ય પાકોનું અને કઠોળ પાકોનું વાવેતર શરૂ થવા પામ્યું નથી.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન